ગરવી ગુજરાતની યશગાથા અને વિકાસગાથાનો એક આગવો અધ્યાય



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક - ૧૧ । વર્ષ - ૨ । મે - ૨૦૨૩

www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## ૧૫૧૧ દૂધ મંડળીઓ અને ૪૭૩૬૧૪ ગ્રાહકો માટે મહેસાણા દૂધસંઘ હવે આંગળીના ટેરવે

# જીટલ દૂધસાગર



**"લાખો - કરોડો રૂપિયાનો વહિવટીય ખર્ચ અને હજારો માનવ કલાકોના બચાવ સાથે પર્યાવરણની સુરક્ષાને આધાર સ્થંભ બનાવી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘે પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન સાકાર કર્યુ"**

### આપણી દૂધસાગર હવે આપણા હાથમાં

- દૂધ ભરાવતાંની સાથે ગ્રાહકને દૂધનું વજન - ફેટ - દૂધના પૈસાની માહિતી મોબાઈલ ઉપર મળે છે.
- અમૂલ ઓટોમેટીક મિલ્ક કલેક્શન સિસ્ટમ (AMCS) હેઠળ મંડળીઓ સાગરદાણ - ઘી વગેરે ઓનલાઈન નોંધણી થાય છે.
- દૂધમંડળીઓના કુલ દૂધની માહિતી અગાઉ બીજા દિવસે કાગળની સ્લિપ દ્વારા મળતી હતી તે રોજે-રોજ કોમ્પ્યુટર ઉપર ઉપલબ્ધ થાય છે.
- દર દશ દિવસે દૂધના બિલોની માહિતી મંડળીઓને PDF દ્વારા પ્રાપ્ત થાય છે.
- ISO ના તમામ રિપોર્ટ તથા મહેસાણા દૂધસંઘ ના તમામ પરિપત્રો - શુભસંદેશા - નવી જાણકારીઓ તથા તમામ સૂચનો ડિજીટલ સ્વરૂપે મંડળીઓને તથા દૂધસાગરના તમામ કર્મચારીઓને મળે છે.
- ગુજરાત સહિત માનેસર, ધારૂહેડા, રાજસ્થાન, UP, MP ના તમામ એકમોની દૂધ એકત્રીકરણ તથા વેચાણની માહિતી દૂધસંઘને ત્વરિત પ્રાપ્ત થાય છે.
- દૂધસાગરના કેટલફીડ પ્રોડક્શન અને વેટરનરી વિભાગની તમામ માહિતીઓ ડિજીટલ સ્વરૂપે પ્રાપ્ત થાય છે અને સચવાય છે.

અમૂલ ફેડરેશન દ્વારા સમગ્ર ગુજરાતના દૂધ સંઘોમાં ડિજીટલ ક્રાંતિનો ઉદય થાય અને દૂધ મંડળીઓ તથા પશુપાલકો આ નવી પધ્ધતિ સાથે કદમતાલ મિલાવી શકે તે હેતુ થી આજથી બે વર્ષ અગાઉ દૂધ સંઘોના કાર્યક્ષેત્રમાં આવતા ગામડાઓમાં પ્રારંભિક અંગ્રેજી શિક્ષણ તથા સ્માર્ટ મોબાઈલ ફોન અને કોમ્પ્યુટર આધારિત જ્ઞાન આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આના ભાગરૂપે, મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘે શરૂઆતથી જ આ દિશામાં પોતાનું કામ આરંભ કરી દીધુ હતું. મહેસાણા - પાટણ અને ગાંધીનગર જિલ્લાની અનેક પશુપાલક બહેનોએ આ શિક્ષણનો લાભ પ્રાપ્ત કર્યો છે તથા હજી પણ આ શિક્ષણ જ્યોત પ્રજ્વલ્લિત બની વિસ્તારમાં ડિજીટલ શિક્ષણ આપી રહી છે.

તાજેતરમાં મહેસાણા દૂધસંઘ દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં આવતી તમામે તમામ ૧૫૧૧ દૂધ મંડળીઓને કોમ્પ્યુટરના માધ્યમથી ONLINE કરી દેવામાં આવી છે. આ સુવિધા અંતર્ગત હવે, અગાઉ જે દૂધ ખરીદ વેચાણના વ્યવહારોની આપ લે વિલંબથી તથા કાગળ દ્વારા કરવામાં આવતી હતી તે તમામ જાણકારીઓ ત્વરિત અને પેપરલેસ બની ગ્રાહકોને સવાર-સાંજ દૂધ ભરાવતાંની સાથે જ તેમના દૂધનું વજન - ફેટ અને પૈસાની જાણકારી મોબાઈલમાં જ પ્રાપ્ત થાય છે. તથા આ જાણકારીઓ મહેસાણા દૂધસંઘની સાથે-સાથે અમૂલ ફેડરેશન અને સ્થાનિક દૂધમંડળીઓ પાસે પણ PDF ના સ્વરૂપે ઉપલબ્ધ રહેશે. વિવિધ દૂધ મંડળીઓ અગાઉ સાગરદાણ તથા ઘીની ખરીદી કાગળ ઉપર નોંધાવતી હતી તે તમામ ખરીદીઓ હવે, મંડળીના કોમ્પ્યુટર ના માધ્યમથી નોંધાય છે. આ સિવાય, મંડળીઓના કુલ દૂધની ખરીદી - દરેક દશ દિવસના અંતરે દૂધના બિલ - ISO ના તમામ રીપોર્ટસ્ - દૂધસાગર ડેરીના તમામ પરિપત્રો - જાણકારીઓ મંડળીના કોમ્પ્યુટર ઉપર મળે છે તથા દૂધસાગરનું મેનેજમેન્ટ કોમ્પ્યુટર દ્વારા આખા ભારતમાં પથરાયેલા તમામ દૂધસાગરના પ્લાન્ટો સાથે 24 x 7 સંલગ્ન રહેશે.

(અનુસંધાન પેજ:૨)




મહેસાણા દૂધસંઘના વર્તમાન વહિવટીય નિયામક મંડળ અને MD શ્રી. સહિતના ઉચ્ચ અધિકારીઓની કૂનેહ તથા કૂશળતાથી આજે મહેસાણા દૂધસાગર ડેરી પોતાના કાર્યક્ષેત્રમાં ડિજીટલ ક્રાંતિ ઉભી કરવામાં ભારે સફળ રહી છે. એક માહિતી મુજબ આજે દૂધસાગર ડેરીના કેટલફીટ પ્રોડક્શન તથા તેના વેચાણથી લઈ વેટરનરી સેવાઓની તમામ ગતિવિધીઓ ક્ષણે-ક્ષણ મેનેજમેન્ટને કોમ્પ્યુટર આધારિત જોડાણથી સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે. સેક્સડ્ સિમેન ડોઝ અને નોર્મલ ડોઝની વપરાશની માહિતી ક્રમબધ્ધ પ્રાપ્ત થાય છે. એક માહિતી મુજબ, આજે દૂધસાગર ડેરીની કુલ ૧૫૧૧ દૂધ મંડળીઓમાંથી ૧૨૩૪ દૂધ મંડળીઓના ગ્રાહકોને દૂધની રકમ સીધી બેન્કમાં ઓનલાઈન મળી રહી છે. આ રીતે, ૮૯.૪૦% નાણાં ડિજીટલ સ્વરૂપે સીધા બેન્કમાં તથા માત્ર ૧૦.૬૦% નાણાં રોકડથી ગ્રાહકો પાસે જઈ રહ્યા છે. દૂધસાગરના એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા અનુસાર, આ નાણાંકીય વર્ષની શરૂઆતમાં આખે આખા દૂધસાગર ડેરીના આર્થિક કાર્યક્ષેત્રને ડિજીટલ સ્વરૂપ આપી દેવામાં આવશે.

## હવે, સોલાર સિસ્ટમ વસાવનારી દૂધ મંડળીને દૂધસાગરની દૂરડા દ્વારા

# ₹25000 હજારની આર્થિક સહાય



ભારત અને ગુજરાત સરકાર દ્વારા હાલમાં વિજળી બચાવો અભિયાન અંતર્ગત સોલાર (સૂર્ય આધારિત) વિજળીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ત્યારે , મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) ની દૂરડા દ્વારા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતી તમામ દૂધ મંડળીઓ સોલાર સિસ્ટમ અપનાવી મંડળીઓમાં બલ્ક કૂલર સહિતના વિવિધ ઉપકરણોમાં વપરાતી વિજળીના ખર્ચનું ભારણ ઓછુ થાય તે માટે પ્રોત્સાહન આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેના અનુસંધાને તમામે તમામ દૂધ મંડળીઓ ઉપર સોલાર સિસ્ટમ અપનાવવામાં આવે તો વિજ વપરાશ ઘટવાની સાથે મંડળીઓ ઉપર આર્થિક ભારણ ઓછુ થવાથી તેનો સીધો ફાયદો દૂધના ગ્રાહકોને મળી શકે તેમ હોવાથી દૂરડા દ્વારા ગત તારીખ ૧ અપ્રિલ થી અમલમાં આવે તે રીતે તા.૧૪ એપ્રિલના રોજ એક સહાયનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. વિવિધ દૂધ મંડળીઓના સંચાલકોની માગણીને ધ્યાનમાં લઈ દૂરડા (દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન ) દ્વારા હવે થી, દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતી તમામ સ્થાનિક દૂધમંડળીઓ પોતાની મંડળીમાં સોલાર સિસ્ટમ વસાવસે તો દૂરડા મારફ્ત કુલ થયેલ ખર્ચના ૨૫% રકમ અથવા તો રૂપિયા ૨૫૦૦૦ (બંનેમાંથી જે રકમ ઓછી હોય તે) સહાય તરીકે ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ રકમની સહાય સાથે સોલાર પેનલ લગાવવા ઈચ્છુક દૂધ મંડળીએ અગાઉથી દૂધસંઘ મહેસાણાની પૂર્વ મંજૂરી લેવાનું જણાવવામાં આવ્યું છે.

## મહેસાણા નગરપાલિકા તથા દૂધસાગર ડેરીના સંયુક્ત ઉપક્રમે

# સંકટ સમયે સાવચેતીનો તાલીમ વર્ગ યોજાયો



તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરી ખાતે મહેસાણા નગરપાલિકા ફાયર વિભાગ અને દૂધસાગર ડેરીના ફાયર ડિપાર્ટમેન્ટ દ્વારા તમામ કર્મચારીઓને સલામતી અંગે શિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં ગેસ લિકેજ, આગના બનાવ તથા દૂર્ઘટના સમયે ઉપલબ્ધ ચીજવસ્તુઓના ઉપયોગથી સ્વબચાવ તથા પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવવાની વિવિધ વૈજ્ઞાનિક પધ્ધતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું તથા અગ્નિશામક સાધનોના ઉપયોગ અંગેની પ્રેકિટકલ તાલીમ આપવામાં આવી હતી જેમાં દૂધસાગર ડેરીના તમામ કર્મચારી ભાઈબહેનો ભારે સંખ્યામાં હાજર રહી આ તાલીમથી વાકેફ થયા હતા.

## મોંઘવારીને ધ્યાનમાં રાખી સહાયના ધારા ધોરણો બદલાયા

# ૧૫ વર્ષ બાદ દૂધ મંડળીઓની રંગ રોગાન સહાયમાં ઉદારતા દાખવવામાં આવી






મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) દ્વારા અગાઉ તા.૨૩ ઓક્ટોબર ૨૦૦૮ ના રોજ થયેલા એક પરિપત્ર અનુસાર દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા દૂધ એકત્રીકરણ કેન્દ્ર (દૂધઘર) ની જે તે સમયની દૂધસંઘની સ્કીમ મુજબ રંગ રોગાન માટે કુલ થતા ખર્ચની ૫૦% રકમ અથવા નિયત કરેલ રકમ બન્નેમાંથી જે ઓછી હોય તે મંજૂર થયેલ રકમ દૂધ મંડળીના વર્ગ અનુસાર ચૂકવવામાં આવતી હતી. વિતેલા ૧૫ વર્ષો દરમ્યાન આ સહાયમાં કોઈ વધારો ન થવાથી દૂધ મંડળીઓ જરૂરી રંગરોગાનના કામ કરાવવામાં ઉદાસીનતા દાખવતી હોવાનું ધ્યાને આવતાં ગત માસની BOD બેઠકમાં આ અંગે ચર્ચા વિચારણા કરાઈ રંગરોગાનની સહાયના ધોરણોમાં વધારો કરવામાં આવેલ છે. જે અંતર્ગત, જે મંડળીઓએ છેલ્લા સાડા સાત વર્ષ કે વધુ સમયથી મંડળીની રંગરોગાન સહાય ન લીધી હોય તેમને દૂધઘરના રંગરોગાન માટે મંડળીના વર્ગ અનુસાર એટલે કે ; "અ" વિભાગની મંડળીઓને અગાઉ જે ૩૦ હજાર સહાય આપવામાં આવતી હતી તે વધારી રૂા.૫૦ હજાર કરવામાં આવી છે. તે જ રીતે, "બ" વિભાગની મંડળીઓની રંગરોગાન સહાય રૂા.૨૨ હજાર ૫૦૦ થી વધારી રૂા.૩૭૫૦૦ તથા "ક" વિભાગની મંડળીઓની સહાય રૂા.૧૬૦૦૦ થી વધારી રૂા.૩૦ હજાર અને "ડ" વિભાગની મંડળીઓની રંગરોગાન સહાય રૂા.૧૫ હજારથી વધારી રૂા.૨૫ હજાર કરવામાં આવી છે. નોંધનીય છે કે ; પહેલાં દૂધ મંડળીને આ સહાયનો લાભ ફક્ત એક જ વાર મળતો હતો નવા નિયામક મંડળે હવેથી, દરેક સાડા સાત વર્ષે આ લાભ આપવાનું નક્કી કર્યું છે.

**ISO પ્રામાણિત દૂધસાગરની મંડળીઓના કર્મચારીઓનું**


## મેડિકલ ચેકઅપ અને રસીકરણ હવે દૂધસાગરના વિવિધ શીતકેન્દ્રોમાં થશે

દૂધસાગર ડેરી અને તેના કાર્યક્ષેત્રમાં આવતી તમામ દૂધ મંડળીઓએ ખોરાક અને ઔષધ નિયમન હેઠળ પોતાની ખરીદી, વેચાણ અને ઉત્પાદન આધારિત સંસ્થા છે. ગુણવત્તા આધારિત પ્રોડક્ટસ અંગે બજારમાં ચાલતા પ્રવાહમાં ISO ના ધારાધોરણો અનુસાર ઉત્પાદનો જરૂરી હોવાથી આપણી મંડળીઓ પણ ISO સર્ટીફિકેટ ધરાવે છે. જેના નિયમો મુજબ દૂધ મંડળીઓના તમામ કર્મચારીઓનું મેડિકલ ચેકઅપ દર વર્ષે નિયમો અનુસાર કરી સર્ટીફિકેટ મેળવવું પડે છે. તથા દર ત્રણ વર્ષે આ કર્મચારીઓને ટાઈફોઈડની રસી પણ લેવી જરૂરી હોવાથી આ પ્રક્રિયા નિરંતર ચાલતી આવે છે. અગાઉ આ ટાઈફોઈડની રસી અને મેડિકલ સર્ટીફિકેટ માટે સ્થાનિક દૂધમંડળીઓને ભારે અગવડો અને વધુ આર્થિક બોજ પડતો હોવાનું નિયામક મંડળના ધ્યાનમાં આવતાં આ અંગે ગત BOD માં ચર્ચા વિચારણાને અંતે તમામ દૂધ મંડળીઓમાં એકરૂપતા જળવાય અને અગવડ ન ઉભી થાય તે માટે મહેસાણા દૂધસંઘ દ્વારા ડેરીના મેડિકલ ઓફિસર મારફત આ મેડિકલ ચેકઅપની વ્યવસ્થા તમામ મંડળીઓને વિના મૂલ્યે ડેરીના વિવિધ શીતકેન્દ્રો ઉપર આપવાનું તથા દર ત્રણ વર્ષે આપવામાં આવતી ટાઈફોઈડની રસી માટે ડેરીના શીત કેન્દ્રો ઉપર આયોજન કર્યું છે. સ્થાનિક દૂધ મંડળીએ રસીકરણ માટે આપવાની થતી ૫૦% રકમ દૂધના બિલમાંથી સંઘ દ્વારા કપાત કરવાનું તથા આ તમામ સગવડો મહેસાણા દૂધસંઘ મારફત જ આપવાનું સૂનિશ્ચિત કરવામાં આવ્યું છે.

**શિક્ષણને સહારો :**

## કંકૂબા કોલેજના વિદ્યાર્થીઓ માટે વર્તમાન દૂધસાગર ડેરીની વધુ એક ઉમદા પહેલ

ભૂતકાળમાં દૂધસાગર ડેરી દ્વારા સંચાલિત કંકૂબા પશુપાલન વિદ્યાપીઠમાં B.Sc ભણેલા વિદ્યાર્થીઓના જ્ઞાનનો મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રને લાભ મળે તથા આ વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાનનો સદ્ઉપયોગ કરી દૂધ મંડળીમાં પોતાની યોગ્ય ભૂમિકા નિભાવી પોતાની કારકિર્દીનું ઘડતર કરે તથા વૈજ્ઞાનિક અભિગમથી દૂધસાગર ડેરીની વિકાસ યાત્રામાં ભાગીદાર બને તેવી આ વિદ્યાર્થીઓની લાગણી, માગણી અને ભવિષ્યને ધ્યાનમાં રાખી આ બોર્ડ મિટીંગમાં જે દૂધ મંડળીઓ પોતાની સ્થાનિક દૂધ મંડળીમાં કંકુબા પશુપાલન વિદ્યાપીઠના B.Sc ઈન મિલ્ક પ્રોડક્શન મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને મંત્રી અથવા કર્મચારી તરીકે રાખશે તો દૂધસાગરની દૂરડા સંસ્થા દ્વારા તેના પગારના ૫૦% રકમની અથવા રૂા.૭૦૦૦ (બે માંથી જે ઓછુ હોય તે) આપવાનું સુનિશ્ચત કરાયું છે. હાલમાં, દૂધના ધંધાને વેગવંતો બનાવવા નવીન ટેકનોલોજી ના જાણકાર મંત્રીઓ અને કર્મચારીઓની ગ્રામ્ય કક્ષાએ અત્યંત જરૂરીયાત હોવાથી આ વિદ્યાર્થીઓ પશુપાલનના ધંધામાં સુચારુ આયોજન કરવામાં સક્ષમ હોવાથી આ સહાય આપવાનો નિર્ણય એ વિદ્યાર્થીઓ તથા મહેસાણા દૂધસંઘ બંને માટે પૂરક બનશે તેવો દૂધસાગર નિયામક મંડળ દ્વારા વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.





## દૂધસાગર ડેરી દ્વારા કાંકરેજ ગાયનું A2 પ્રકારનું ઉત્તમ દૂધ

# હવે અમૂલ દેશી ના નામે બજારમાં ઉપલબ્ધ

વર્ષ 2021 બાદ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના ચેરમેનશ્રી. સહિતના નિયામક મંડળના સતત જાગૃતિ અભિયાનને પરિણામે અમૂલ ફેડરેશન દ્વારા મહેસાણા દૂધસાગર ડેરીને દૂધની વિવિધ બનાવટોમાં વૈવિધ્યપૂર્ણ ઉત્પાદન કરવાની તથા તે ઉત્પાદન બજારમાં મૂકવાની પ્રક્રિયા તેજ ગતિથી આગળ વધી રહી છે. દિલ્હી ખાતે રબડીનું ઉત્પાદન હોય કે આઈસ્ક્રિમનું - મહેસાણા દૂધસાગરની એ તમામ પ્રોડક્ટસ્‌ને અભૂતપુર્વ આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા પાટણ જિલ્લામાં તથા હારીજ - સમી વિસ્તારમાં આપણા પશુપાલકો દેશી કાંકરેજી ગાયનું દૂધ ઉત્પાદન પંચાસર, સુજનીપુર, ઝાલેશ્વર, હાંસાપુર, ધારપુર, રામપુરા (ડેર), ડેરાસણા, જાસ્કા, રવદ, પાલીપુર, લોટીકાઠી, ઈસ્લામપુરા જેવા ગામોમાં ઉત્તમ પ્રકારે કરી રહ્યા હોઈ મહેસાણા દૂધસાગર ડેરી અને અમૂલ દ્વારા આ A2 પ્રકારનું ઉત્તમ દૂધ ગ્રાહકોને પ્રાપ્ત થાય તે માટે અમૂલ દેશી બ્રાન્ડથી તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરીએ સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાથે તમામ નિયામક મંડળના સભ્યોએ માર્કેટમાં વેચાણ અર્થે મુકવાનો શુભારંભ કરાવ્યો હતો.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ગાયના દૂધને A1 અને A2 પ્રકારે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. A1 દૂધનું ઉત્પાદન યુરોપના દેશો, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની ગાયો જેવી કે હોલ્સ્ટીન, ફ્રિઝીયન (H.F) કરન, સ્વિસ અને જર્શી ગાયો દ્વારા થાય છે. જ્યારે A2 પ્રકારના ગાયના દૂધનું ઉત્પાદન એશિયા અને આફ્રિકા ખંડના દેશોમાં સહિવાલ, ગીર, કાંકરેજ, લાલ સીંધી જેવી ગાયો દ્વારા પ્રાપ્ત થાય છે.


પ્રોટીનમાં 67 માં સ્થાને પ્રોલીન એમીનો એસિડ હોય છે. તેમજ A1 દૂધમાં 67 માં સ્થાને હિસ્ટીડીન હોવાથી A2 પ્રકારના દૂધ ને વધુ કૂદરતી અને માનવજાત માટે ઉત્તમ માનવામાં આવે છે. A2 પ્રકારના દૂધનું સેવન કરવાથી ડાયાબિટીસ, પાચનતંત્રમાં બળતરા, હૃદય રોગનો ખતરો A1 દૂધ કરતાં ઓછો હોવાનું માનવામાં આવે છે.

ગીર અને કાંકરેજી જેવી દેશી ગાયોનું દૂધ વર્ષોથી માનવ તાસીરને માફક આવતું હોવાથી બજારમાં પણ તેની ભરપૂર માંગ જોવા મળે છે. મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા હાલમાં દૈનિક પાંચ હજાર લિટર દૂધ કાંકરેજી ગાયનું ખરીદી તેને અલગ રાખી પેચ્યુરાઈઝડ કરી બજારમાં મૂકવામાં આવ્યું છે આગળ જતાં તેમાં તબક્કાવાર વધારો કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કાંકરેજી ગાયના આ દૂધમાં 3.6 ફેટ અને 8.6 SNF નું પ્રમાણ હોય છે. દૂધસાગર ડેરીના આ નવિન ઉત્પાદનને ગ્રાહકો તરફથી ભારે પ્રતિસાદ મળી રહ્યો છે.

## ૧૮ મી પુણ્યતિથીએ પૂજ્ય મોતીબાપુના ચરણોમાં શત્ શત્ વંદન




# આવા હતા ... આપણા મોતી બાપુ !!



એ દિવસોની વાત છે ... જ્યારે મહેસાણા દૂધસાગર ડેરીમાં સરકારના નિયમો અને કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે તે હેતુથી એક દવાખાનાની શરૂઆત કરવામાં આવી હતી. દૂધસાગર ડેરીના અધિકારીઓએ આ દવાખાના માટે એક માનદ્ સેવા આપી શકે તેવા ડૉક્ટરની શોધ તો કરી લીધી હતી. પરંતુ , આ ડૉક્ટર સાહેબ એક નિશ્ચિત સમય માટે જ નિયમો અનુસાર દૂધસાગરના દવાખાનામાં હાજરી આપતા હતા. ત્યારે, આખા દિવસ દરમ્યાન પ્રાથમિક સારવાર આપી શકે તેવા એક વ્યક્તિની જરૂરીયાત ઉભી થઈ અને તેવી વ્યક્તિમાં એક કેરાલીયન બેન - જે નર્સ હતા તેમને દવાખાના માટે રાખવામાં આવ્યા. દૂધસાગરમાં કામ કરતાં કર્મચારીઓ તેમને થતી નાની-મોટી શારિરીક બિમારીઓ અને સમસ્યા માટે દૂધસાગરના આ દવાખાનાની દવાઓનો ત્યારે પણ ઉપયોગ કરતાં હતા અને આજે પણ ઉપયોગ કરી રહ્યા છે !! પણ મોતીબાપુના સમયમાં, એક વડીલ કર્મચારી - જે મોતીબાપુના મિત્ર જેવા પણ હતા તેઓની નજર એ સમયે દવાખાના ઉપર પડી હશે. ત્યારે, તેમણે એક વાર વાત-વાતમાં મોતીબાપુને કહ્યું કે ; આ કેરાલીયન બેનના આવ્યા પછી - આપણા કર્મચારીઓ હોલસેલમાં બિમાર પડી રહ્યા છે. એટલે બાપુ આ બિમારીનો ઈલાજ કરવો જોઈએ - પછી તો શું છે ? બીજા દિવસની સવારે બહેનની જગ્યાએ એક ભાઈ નર્સીંગ સેવાઓ માટે દૂધસાગરના દવાખાનામાં આવવા લાગ્યા અને હોલસેલ બિમારીઓએ - વ્યક્તિગત બિમારીઓમાં તબદીલ થઈ ગઈ... આવા હતા આપણા મોતીબાપુ !!!!!




## અમૂલ દૂધ ઉત્પાદક મોબાઈલ એપ ની જાણકારી

ભારતના દિર્ઘદ્રષ્ટા અને વિશ્વ નેતા એવા વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે દેશ ડિજીટલની દુનિયામાં સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે પ્રધાન મંત્રીશ્રી. ના વિચારો અને કલ્પનાઓને સાકાર કરવા સમગ્ર દેશ અને દેશની સંસ્થાઓ તેમના દિશા નિર્દેશ પ્રમાણે આગળ વધી રહી છે. અમૂલ ફેડરેશન હોય કે આ ફેડરેશનથી સંકળાયેલી આપણી દૂધસાગર ડેરી હોય ! આપણે આજે ડિજીટલ દૂધસાગર અને પેપરલેસ દૂધસાગર કરવા આપણા ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીની રાહબરી નીચે તનતોડ મહેનત કરી રહ્યા છીએ. ત્યારે આજે દૂધસાગરના લાખો - લાખો પશુપાલકો અમૂલ દૂધ ઉત્પાદક મોબાઈલ એપની સમગ્ર જાણકારી મેળવે એ સમયની માંગ છે. અમૂલ દૂધ ઉત્પાદક એપ પશુપાલકોને તેમના દૂધના વ્યવસાય ઉપર નજર રાખવા સક્ષમ બનાવે છે. આ મોબાઈલ એપ પશુપાલકોને વિવિધ માહિતીઓ જેવી કે ; દૂધનો ભાવ શું છે? સવાર સાંજ કેટલું દૂધ ભરાવ્યું ? કેટલો ફેટ અને કેટલો SNF આવ્યો, કેટલા પૈસાની ચૂકવણી કરવામાં આવી. બેંકના ખાતામાં કેટલા પૈસા જમા થયા, ગયા મહિનામાં અને ચાલુ મહિનાના દૂધના જથ્થા - ફેટ - SNF ની સરખામણી, દાણ અને ઘીની ખરીદી તમામ વિગતો ઘેર બેઠાં આંગળીના ટેરવે મેળવી શકાય છે.

### અમૂલ મોબાઈલ એપનો ઉપયોગ કેવી રીતે કરશો

(૧) આ મોબાઈલ એપ ચાલુ કરશો ત્યારે સૌ પ્રથમ સ્પ્લેશ સ્ક્રીન દેખાશે (૨) ત્યારબાદ, ભાષા પસંદગીનો વિકલ્પ મોબાઈલમાં આપની સમક્ષ ખુલશે. જેમાં, આપે અંગ્રેજી અને ગુજરાતી બે વિકલ્પો પૈકી એક વિકલ્પની પસંદગી કરવાની રહેશે (3) ભાષા પસંદગી બાદ તમારા મોબાઈલ ડિવાઈસની નોંધણી માટે તમારો રોજ બરોજ વપરાતો અને લાંબા સમય સુધી જાળવી રાખી શકાય તેવો મોબાઈલ નંબર નાખીને રજીસ્ટર્ડ કરવાનું રહેશે (૪) રજીસ્ટર્ડ થયેલા મોબાઈલ નંબર ઉપર અમૂલ તરફથી એક OTP નંબર મોકલવામાં આવશે જેને નાખી તમો વેરીફિકેશન ક્લિયર કરી શકશો (૫) પ્રોફાઈલ પેજ : ઓથોરાઈઝેશન થયા બાદ મોબાઈલ એપના આ પેજ ઉપર નામ - સભ્ય ID - સરનામું અને સંપર્ક નંબર સાથે મંડળીનું નામ - ગામ તથા બેંકની વિગતો જોવા મળશે (૬) ડેશબોર્ડ : આ વિન્ડોમાં - આ પેજ ઉપર દૂધનો ભાવ, છેલ્લા બે દિવસની દૂધની ખરીદી, દૂધનો પ્રકાર, શીફ્ટ (સવાર-સાંજ), છેલ્લા બે મહિનાના દૂધના વલણો આધારિત ચાર્ટ જોવા મળશે (૭) મીલ્ક ટ્રેન્ડ : આ પેજ ઉપર વિગતવાર દૂધની ખરીદી, નફો અને ભાવ સબંધીત માહિતી વ્યાપક રૂપમાં ઉંડાણ પૂર્વક જાણવા મળશે (૮) યુઝર મેનું : આ પેજ ઉપર ક્લિક કરતાં વિવિધ વિકલ્પો જોવા મળશે જેવા કે, ડેસ્કબોર્ડ - સૂચનાઓ - પાસબુક - અહેવાલ - દૂધની સ્લીપ અને સેટીંગ્સ તથા વપરાશ કરતાંની મેન્યુઅલ માહિતી મળશે (૯) નોટીફિકેશન : અમૂલ અથવા દૂધ સંઘ દ્વારા કોઈ નવિન એન્ટ્રી અથવા ફેરફાર કે સૂચનાઓ હશે તો મોબાઈલ ઉપર માહિતી મળશે.

## સંગઠન અને સહકાર એ શક્તિ છે

## સામૂહિક શક્તિની ભક્તિ એટલે આપણી દૂધસાગર



લાખો દૂધ ઉત્પાદકો - સભાસદો - દૂધસાગરમાં કામ કરતાં તમામ કર્મચારીઓ - ટેક્નોક્રેટસ - મજૂરો તથા સભાસદોના અદમ્ય વિશ્વાસ અને પોતાના વિઝનથી ચૂંટાયેલા ચેરમેનશ્રી સહિત નિયામક મંડળના તમામ સદસ્યો દ્વારા રચાયેલ એક વિશાળ સહકારી ક્ષેત્રનો પરિવાર એટલે આપણી દૂધસાગર !!

તાજેતરમાં દૂધસાગરના વર્તમાન મેનેજમેન્ટ દ્વારા દૂધ અને કેટલફીડ મટેરીયલ્સની તમામ ખરીદીઓ અને વેચાણ પારદર્શી કરી દેવામાં આવ્યું ત્યારથી વચેટીયા દલાલો અને કોન્ટ્રાક્ટરો નાબૂત થતાં વાસ્તવમાં જે દૂધસાગર ડેરીના સાચા માલિકો છે તેવા દૂધ ઉત્પાદકો, દૂધ મંડળીઓ અને મહેસાણા દૂધસંઘને સીધો ફાયદો થઈ રહ્યો છે. ગેરરીતીઓ જડમૂડથી ઉખેડીને સરળતા પૂર્વક અને પ્રામાણિક પણે વહિવટ કરી દૂધ ઉત્પાદકોને દૂધનો સારામાં સારો ભાવ મળે તથા ભવિષ્યમાં આજના પગલાઓથી દૂધસાગર ડેરીનો વિકાસ થાય - દૂધ સંપાદનમાં વધારો થાય આવો ગ્રાહકલક્ષી તથા સંસ્થાલક્ષી લેવાયેલા નિર્ણયોથી આપણી દૂધસાગરનું ભવિષ્ય સમૃધ્ધિ તરફ ધીમે પણ નક્કર પગલે આગળ વધી રહ્યું છે. દૂધસાગર ડેરી પશુપાલકોના વિકાસ માટે સતત ચિંતનશીલ છે અને નવા પ્રવાહો સાથે - નવા આગમનને સ્વીકારી રહી છે. સરકાર હોય કે ફેડરેશન બંનેની સાથે સૂમેળ ભર્યા સબંધો રાખી આપણે આગળ વધી રહ્યા છીએ. દૂધની સાથે આપણા સભાસદો અન્ય ખેતપેદાશો, પ્રાકૃતિક ખેતી, મધ, ગોબર વગેરેના વેચાણ માટે પણ દૂધસાગર ડેરી પોતાના કાર્યક્ષેત્રમાં હાલમાં માળખાકીય સુવિધા ઉભી કરી રહી છે.

સહકારી દૂધ મંડળીઓનું અસ્તિત્વ અનિવાર્ય છે. તેના દ્વારા જ પશુપાલકોનો વિકાસ કરી શકાશે. સમયનો પ્રવાહ અને ગામડાઓમાં રહેલી દૂધમંડળીઓની આજની જરૂરીયાતો દૂધસાગર ડેરી સંપૂર્ણરીતે સમજી રહી છે. આજે, નવા જમાનાના પડકારોનો સામનો કરવા દૂધસાગર ડેરી તૈયાર છે. મંડળીઓને કોમ્પ્યુટર અને ટેકનોલોજીથી સૂસજ્જ બનાવી રહ્યા છે. સંગઠન અને સહકાર એ શક્તિ છે - આ સામૂહિક શક્તિની ભક્તિ એટલે આજની આપણી દૂધસાગર !! નાનામાં નાના ગામડાંના સભાસદની સમૃધ્ધિ એટલે દૂધસાગરની સમૃધ્ધિ આ સૂત્રને સાર્થક કરતી સંસ્થા એટલે આપણી દૂધસાગર !!

*દૂધસાગરના ડૉક્ટરની ડાયરી*

## દૂધ - દૂધ - દૂધ વંડરફૂલ દૂધ : ગરમીમાં પણ જાળવી રાખો અમૃત જેવું દૂધ

# કાળજાળ ગરમીમાં પશુધનની વૈજ્ઞાનિક માવજત



દૂધસાગર ડેરી સાથે સંકળાયેલા લાખો પશુપાલક મિત્રો, ઉનાળાની કાળજાળ ગરમીનો અહેસાસ આપણને બધાને થઈ રહ્યો છે. ત્યારે આપણે તો હરતાં ફરતાં છીએ પરંતુ, આપણને રોજી રોટી આપતાં આપણા આંગણા અથવા વાડાના ખીલે બંધાયેલા પશુઓ પણ આ ગરમીમાં ભારે ત્રસ્ત થતાં હોય છે. ત્યારે આજે વાત કરીશું એપ્રિલ - મે અને જૂન મહિનામાં પડનારી ભયંકર ગરમીમાં આપણાં પશુઓનું રક્ષણ કરી આપણે દૂધના ઉત્પાદનનું પ્રમાણ કેવી રીતે જાળવી રાખી શકીએ.

ઉંચા તાપમાનને લીધે પશુઓ તણાવ અનુભવે છે. આ ગરમીથી ઉત્પન્ન થતાં તણાવની તીવ્રતા ઘણાં પરિબળો ઉપર આધાર રાખતી હોય છે. જેમ કે, વાતાવરણનું તાપમાન, ભેજની સાપેક્ષ સાંવ્રતા, ઠંડા પાણીની ઉપલબ્ધતા, પશુના શરીરનું કદ, ચામડીનો કલર તથા પ્રકાર અને પશુમાં શારિરીક ગરમી પેદા થવાનું કારણ અને આ બધા સંજોગોમાં પશુની વર્તણૂક ! જ્યારે પશુના શારિરીક તાપમાનમાં એક ડીગ્રી સે.નો વધારો થાય છે ત્યારે શરીરમાં ૪૧૦ કિલો કેલેરીનો સંચય થાય છે. પરિણામે પશુના પેટની ગતિ ઓછી થાય છે. પાચનતંત્ર ધીમું પડે છે. જેથી પેટમાં ખોરાકનો ભરાવો થાય છે અને પશુઓનું ખોરાક લેવાનું પ્રમાણ ઘટે છે. ઉનાળામાં દિવસો લાંબા હોય છે અને સૂર્યતાપની તીવ્ર પ્રખરતાવાળા હોવાથી ખુલ્લા વાતાવરણાં રહેલાં પશુઓના શારિરીક તાપમાનમાં ઝડપથી ૩ થી ૪ ડિગ્રી સે. નો વધારો થતાં લૂ (હીટ સ્ટ્રોક અથવા સન સ્ટ્રોક) પણ પશુને લાગી શકે છે. પશુ બેભાન થઈ જાય છે તુરંત પશુ-ડૉક્ટર પાસેથી સારવાર ન મળે તો પશુ મરણ પણ પામે છે. ગરમીની તાકાતથી પશુની વર્તણૂંકમાં અસામાન્ય ફેરફારો દેખાય છે. આ ફેરફારો જાણીને સત્વરે તેનું નિદાન કરી શકાય છે. **ઉંચો શ્વસનદર :** ગરમીના દિવસો દરમ્યાન પશુનો શ્વસનદર ૧૫ થી ૨૦ ગણો વધી જાય છે. જે શરીરના ડાભી બાજુના ખાડાની ચામડી દ્વારા થતી હલન ચલન વડે જાણી શકાય છે. પશુના વધારે હાંફવાને લીધે ઘણી વખત આ સ્થિતી નાજૂક બની જાય છે. આ ઉપરાંત પશુના શરીરનું તાપમાન પણ ઉંચું જાય છે. **મોં ખુલ્લુ રાખી શ્વસન કરવું :** આ એક છેલ્લી સ્થિતીના તણાવની નિશાની છે જેમાં પશુ મોં આગળ કરીને, જીભ બહાર કરીને - ખૂબ જ પ્રમાણમાં લાળ ઝારે છે. અને પગ પહોળા રાખીને ઉભું રહે છે. આ બાબતમાં આપણે આપણા કિંમતી પશુને કેવી રીતે ગરમીથી બચાવી શકીએ તેના ઉપાયો જોઈએ.

રહેઠાણના વાતાવરણાં કૃત્રિમ ફેરફાર કરીને પશુ આવાસ બાબતમાં કાળજી રાખીએ અને ગાય ભેંસને સીધા સૂર્ય પ્રકાશ સામે લાંબા સમય માટે સુરક્ષિત રહે તેવી વ્યવસ્થા ઉભી કરી શકીએ. દિવસે ગરમીના સમય દરમ્યાન ભેંસોને છાણ માટીના છાપરાથી બનેલા શેડમાં રાખવી જોઈએ. સીધા સૂર્યપ્રકાશને અટકાવવો જોઈએ. છાપરૂ બનાવવામાં વપરાતો સામાન અને રંગ સૂર્યપ્રકાશની સીધી ગરમીથી બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. શેડની આજુબાજુ ઘાસ, નાના છોડ વગેરે પણ સૂર્યપ્રકાશની અસર ઘટાડે છે. રાત્રીના સમયે ભેંસોને વાડામાં ખુલ્લી રાખવી જોઈએ જેથી દિવસ દરમ્યાન શરીરમાં સંગ્રહાયેલી ગરમીનો વ્યય થઈ શકે. પશુના આહારમાં ફેરફાર કરીને - આપણે જાણીએ જ છીએ કે પશુપાલનમાં મહત્તમ ખર્ચો આપણે પશુઆહાર માટે જ કરતા હોઈએ છીએ. ઘાસચારા નિરણની ફ્રીક્વન્સી ૬ થી ૮ ગણી વધારવી. દિવસના ઠંડા કલાકોમાં ખોરાક આપવો, ખોરાકમાં રેસા એટલે કે ફાઈબરનું પ્રમાણ ઓછું હોય, તેવો ઉત્તમ શ્રેણીનો આહાર આપવો જોઈએ. દાણ કરતા ઘાસચારો શરીરમાં ગરમી વધુ પેદા કરે છે, જે હિતાવહ નથી. જો શક્ય હોય તો રાત્રે પશુઓને ચરાણ માટે લઈ જવા, આનાથી બે ફાયદા થાય. એક તો દિવસની ગરમીની અસર ના નડે અને બીજુ દિવસ દરમ્યાન જે સૂર્યપ્રકાશની ગરમી શરીરમાં સંગ્રહીત હોય તેનું રાત્રિ સમયે વિર્સજન થઈ શકે. આ ખૂબ અગત્યની બાબત છે.

પાણીનો છંટકાવ : પાણીની બાબતમાં પણ આ દિવસોમાં વિશેષ ધ્યાન જરૂરી છે. ઉનાળામાં ભેંસોના શરીરને પાણી દ્વારા ભીનું રાખવાથી અસરકારક રીતે શરીરનું તાપમાન ઘટાડી શકાય છે. પશુશેડ માં પશુ ઉપર દિવસના ૧૧:૦૦ થી ૩:૦૦ વાગ્યા સુધીમાં ત્રણ થી ચાર વાર પાણીનો છેટકાવ (૫ થી ૧૦ મિનિટ) ખુબ જ સારી અસર કરે છે. મોટા ડેરી ફાર્મમાં છત ઉપર ફુવારા ફીટ કરીને પાણીનો સ્પ્રે કરી શકાય. ખાસ કરીને ગામડાઓમાં ભેંસોને જલવિહાર માટે તળાવમાં લઈ જવામાં આવતી હોય છે. બની શકે તો, ખેતરમાં ખેત તલાવડી પણ આ દિવસો પુરતી બનાવી શકાય. પૂરતા, સ્વચ્છ અને બની શકે તો ઠંડા પાણીની વ્યવસ્થા પીવા માટે ૨૪ કલાક માટે ઉભી કરવી જોઈએ અથવા તો પશુઓને દિવસના ૫ થી ૬ વખત શુધ્ધ ઠંડુ પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તેવું આયોજન સૂનિશ્ચિત કરવું જોઈએ. આ બધી બાબતો ગરમીના સમયમાં યાદ રાખશું અને અનુસરશું તો પશુધન અને દૂધ બંને જળવાશે.

## માનેસર ખાતે UHT દૂધનો પ્લાન્ટ પોતાની 60% ક્ષમતાએ ધમધમ્યો

# દિલ્હી ખાતે અમૂલ મોતી દૂધનું વેચાણ વિક્રમજનક સપાટીએ




મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા ભૂતકાળમાં માનેસર ખાતે UHT (અલ્ટ્રા હીટ ટ્રીટમેન્ટ આધારીત) દૂધનો દૈનિક ૨ લાખ લીટરની ક્ષમતાવાળો પ્લાન્ટ નાખવામાં આવ્યો હતો. પરંતુ, વહિવટીય સૂજબુઝનો અભાવ તથા ફેડરેશન (અમૂલ) સાથે સબંધોનો તાલમેલ ઉભો ન થતાં આ પ્લાન્ટની ક્ષમતા પ્રમાણે ઉત્પાદિત થતું અમૂલ મોતી દૂધ (UHT) બજારમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં વેચાઈ રહ્યું હતું. દૂધસાગરના આંકડાઓ પ્રમાણે વર્ષ : ૨૦૧૫-૧૬ માં આ દૂધનું વેચાણ ૪૬૮૨૨ લીટર પ્રતિદીન હતું. વર્ષ : ૨૦૧૬-૧૭ માં ૫૧૦૫૩ લીટર હતું. વર્ષ : ૨૦૧૭-૧૮ માં ૫૨૫૯૪ લીટર હતું. વર્ષ : ૨૦૧૮-૧૯ માં ૬૩૮૩૨ લીટર હતું. વર્ષ : ૨૦૧૯-૨૦ માં ૮૧૭૨૪ લીટર હતું. વર્ષ ૨૦૨૦-૨૧ માં ૭૮૬૬૬ લીટર હતું. નવા નિયામક મંડળના આગમન બાદ ; સહકારીતાનો પુનઃ જન્મ થયો હોય તેમ અમૂલ ફેડરેશન સાથેનો વ્યાપારિક તાલમેલ ફરી ઉભો થતાં આ સૂમેળભર્યા સબંધોને પરિણામે દૂધસાગર ડેરીના માનેસર પ્લાન્ટ ખાતે ઉત્પાદિત થતાં અમૂલમોતી (UHT MILK) દૂધનું વેચાણ વર્ષ : ૨૦૨૧-૨૨ માં ૮૭૯૦૭ લીટર પ્રતિદીન અને ચાલુ વર્ષ : ૨૦૨૨-૨૩ માં પ્રતિદીન ૧,૧૮,૭૯૯ લીટર વેચાણ થઈ રહ્યું છે. માનેસર ખાતેની દૂધમાનસાગર ડેરી દ્વારા ઉત્પાદિત થતા અમૂલ મોતી દૂધનો પ્લાન્ટ ભૂતકાળના શાસકો દ્વારા પ્રતિદીન ૨ લાખ લીટરની ક્ષમતા વાળો સ્થાપિત કરવામાં આવ્યો હતો. પરંતુ, આ પ્લાન્ટમાં ઉત્પાદિત થતું UHT દૂધ બજારમાં ઉત્પાદનની ક્ષમતાથી ઓછું વેચાતું હોવાના પરિણામે એક નિરાશાનું વાતાવરણ ઉભું થવા પામ્યું હતું. દૂધસાગર ડેરીના વર્તમાન નિયામક મંડળ દ્વારા અમૂલ ફેડરેશન સાથેની વ્યાજબી વાર્તાલાપ અને માગણીઓના પરિણામે હાલમાં આ પ્લાન્ટની કુલ કાર્ય ક્ષમતામાંથી ૬૦% દૂધનું વેચાણ કરવામાં દૂધસાગર ડેરીને ભારે સફળતા મળી છે અને આવનાર સમયમાં બાકીની ૪૦% ક્ષમતાનો ઉત્પાદન અને વેચાણમાં વધારો કરવા દૂધસાગર ડેરીનું મેનેજમેન્ટ તમામ પ્રયત્નો હાથ ધરી રહ્યું છે.

**દૂધસાગરના ડેરીના કર્મચારીઓની શાખ અને પૂરવઠા સહકારી મંડળી એટલે**

## સહયોગ ની 58 મી સાધારણ સભા યોજાઈ



તાજેતરમાં તા.૨૬ એપ્રિલના રોજ મહેસાણા દૂધસાગર ડેરી ખાતે સ્વ.માનસિંહભાઈ પૃથ્વીરાજ ઓડિટોરીયમ ખાતે દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પૂરવઠા સહકારી મંડળી એટલે કે ; લબ્ધ પ્રતિષ્ઠીત સહયોગની ૫૮ મી સાધારણ સભા આ મંડળીના ચેરમેનશ્રી. ફાલ્ગુનભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાવા પામી હતી. જેમાં, વર્ષ ૨૦૨૨-૨૩ ના તમામ હિસાબો મંડળીના મેનેજર શ્રી. ભરતભાઈ ચૌધરીએ વંચાણમાં લઈ સભાની બહાલી મેળવી હતી. સદર સાધારણ સભામાં ભવિષ્યની યોજનાઓ અને રૂપરેખાઓ રજૂ કરવામાં આવી હતી. આ તબક્કે સંસ્થાની વ્યવસ્થાપક કમિટી સાથે મોટી સંખ્યામાં સહયોગના સભાસદો હાજર રહ્યા હતા.

**દૂધ માનસાગર ડેરીના અધિકારીઓની સહેજ કોઠાસૂઝથી**

## વાર્ષિક સવા પાંચ લાખનો ફાયદો




સરકારના લીગલ મેટ્રોલોજી એક્ટ નિયમ પ્રમાણે દૂધના પાઉચ પર પ્રિન્ટ કરવા માટે પાઉચ મશીનમાં ડોમીનોની રિબન વાપરવામાં આવે છે. આ માન્યતા પ્રાપ્ત ડોમીનોની રિબન સામાન્ય રીતે તેની પહોળાઈ ૩૫ mm (width) હોય છે. અને દૂધ માનસાગર ડેરી (માનેસર) ખાતે આ એક રિબનની પડતર કિંમત રૂા.૪૨૫ થઈ રહી હતી. પાઉચ સેક્શનના આ પ્લાન્ટના ઈન્ચાર્જ શ્રી. અમિતકુમાર અને પ્રોડક્શન હેડ શ્રી.પીયુષભાઈ સોલંકીના ધ્યાન ઉપર આ બાબત આવતાં આ રિબનનું ઉત્પાદન કરનાર ડોમીનો કંપનીને આ રિબનની પહોળાઈ ૨૫ mm ઓછી કરવાનું જણાવી તે પ્રમાણે તેની ઓછી કિંમત આપવાનું નક્કી કરાયું. અગાઉ આ રિબનમાંથી ૧૦ mm પહોળાઈ વેસ્ટમાં જતી હોય તે અટકી જવા પામી હતી અને રિબનની કિંમત રૂા.૩૪૯ થતાં પ્રતિ રિબને રૂા.૭૬ નો બચાવ થતાં વાર્ષિક ૫ લાખ ૨૭ હજાર રૂપિયા સામાન્ય ફેરફારથી ફાયદો થવા પામ્યો છે જે નાની પણ ધન્યવાદ પાત્ર બાબત છે. ચેરમેનશ્રી.એ ટીમ માનેસરને અભિનંદન પાઠવ્યા છે.

# કોન્ટ્રાક્ટ ફાર્મીંગ દ્વારા ખેડૂતોની મદદમાં હવે આપણી
# દૂધસાગર ડેરી



**પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે મહેસાણા દૂધસાગર ડેરીએ મહેસાણા, પાટણ અને ઉંઝા ખાતે પ્રાકૃતિક પ્રોડક્ટસ સ્ટોર ચાલુ કરેલ છે. હવે, આ દિશામાં આગળ વધીને દૂધસાગર ડેરી પોતાના કાર્યક્ષેત્રમાં આવતા અઢી જિલ્લાના ખેડૂતો સાથે કરાર આધારિત ખેતી માટે કાર્યવાહી શરૂ કરેલ છે. દૂધસાગર ડેરી - એરડે એગ્રો ઈકો સિસ્ટમ પ્રા.લી. અને આત્માના સહયોગથી અમૂલ ઓર્ગેનિક, આઈટીસી, ગ્રીફીથ ફૂડ અને ઓલામ જેવી કંપનીઓ સાથે મળીને દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતા ખેડૂતો સાથે કરાર કરશે.**



આપણા વિસ્તારના મોટા ભાગના ખેડૂતો ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતી માટે તૈયાર છે. પણ, ઉત્પાદન ક્યાં વેચવું તે ખબર નથી. નાના ખેડૂતો સ્થાનિક બજારમાં વેચાણ કરવામાં ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેમની પાસે સ્ટોરેજ કે વેરહાઉસની સુવિધા નથી હોતી. ઓર્ગેનિક અને એડવાન્સ ખેતીની તેમને યોગ્ય તકનીક વિષે પણ ખબર નથી ત્યારે, દૂધસાગર ડેરીનો આશય ખેડૂતો અને ખરીદદારો વચ્ચે સેતુ બનાવી ખેડૂતોને તેમની ઉપજની યોગ્ય કિંમત મળે તેની ખાતરી અને ઉત્પાદનોની ગુણવત્તાની ખરાઈ કરી પારદર્શિતા ઉભી કરવાનો છે.

દૂધસાગર ડેરીનો પ્રાથમિક ઉદ્દેશ નાના ખેડૂતો કે જેઓ એક જ પાક પર નિર્ભર છે અને ટકાઉ આવક મેળવવા અસમર્થ છે તેમને ટેકો આપી સક્ષમ બનાવવાનો છે. દૂધસાગરનું કોન્ટ્રાક્ટ ફાર્મિંગ મોડલ ખેડૂતોને જમીનના પરિઘ ઉપર ઔષધિય છોડ સાથે બહુસ્તરીય ખેતીની પદ્ધતિ વિકસાવી ખેડૂતોની આવક વધારવાનું છે.

ખેડૂતોને એડવાન્સ અને ઓર્ગેનિક ફાર્મિંગની તાલીમ આપી યુવા પેઢીને ખેતરોમાં રસ લેતો કરીને શહેરો તરફનું સ્થળાંતર અને ખાધ કટોકટીને અટકાવવાનું છે. ખેડૂતોને કેમિકલ બેઝમાંથી ઓર્ગેનિકમાં રૂપાંતરિત કરવા આ સમર્થન મહેસાણા દૂધ સંઘ આપી રહ્યો છે. જેનાથી ભૂગર્ભ જળની ગુણવત્તા સુધારવામાં અને પર્યાવરણને પણ ફાયદો પહોંચી શકશે. અને સૌથી મહત્વની બાબત તો એ છે કે; હાલમાં ખેતરોમાં વપરાતા બે લગામ રસાયણોના કારણે ખેડૂતો, ખેતમજૂરો અને અનાજના ઉપભોક્તાઓ જે કેન્સર જેવી ઘાતક અને જીવલેણ બિમારીઓથી પિડાય છે. તેમાંથી મુક્ત કરાવી સ્વસ્થ સમાજના નિર્માણમાં પણ દૂધસાગર પોતાની મહત્ત્વની ભૂમિકા નિભાવશે.

### કોન્ટ્રાક્ટ ફાર્મિંગના ઉદ્દેશો

ઉત્પાદનની ગુણવત્તા :

અનાજ ઉત્પન કરતા ખેડૂતો અને તે અનાજને ખરીદનાર વેપારીઓ તથા છૂટક ગ્રાહકો ઓર્ગેનિક અથવા પ્રાકૃતિક પાકો વિશે સારી એવી જાણકારી ધરાવે છે. પરંતુ, આ ખેતી માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ, આ ખેતીની પધ્ધતિ અને આ ખેતીની વાસ્તવિકતાથી તેઓ વાકેફ નથી તેથી, માલનો પુરવઠો - તેની ગુણવત્તા વિશે તેઓ અનેક શંકાઓ કૂશંકાઓ વચ્ચે અનેક સમસ્યાઓનો સામનો કરે છે. ત્યારે, દૂધસાગર ડેરી સ્થાનિક કક્ષાએ કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સતત માર્ગદર્શન મેળવી આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ ઓર્ગેનિક તથા પ્રાકૃતિક ખેતી માટે દિશા સૂચન આપશે.

### ઉચ્ચ ગુણવત્તાના બિયારણ તથા જરૂરી ખાતરો

બજારમાં મળતા બનાવટી અને સબસ્ટાન્ડર્ડ બિયારણો અને ખાતરો પાકને નિષ્ફળ તથા ઝેરી બનાવે છે. જે ખેડૂતની જમીનને પણ પારાવાર નુકશાન કરે છે. આમ, આ અજ્ઞાન ખેડૂતો માટે આર્થિક ભારણ વધારે છે.

કરાર આધારિત આ ખેતીમાં દૂધસાગર ડેરી દ્વારા ચકાસણી કરાયેલ ઉચ્ચ ગુણવત્તાના બિયારણો અને પ્રાકૃતિક તથા ઓર્ગેનિક ખેતી માટે લાયક ખાતરો અને દવાઓ ખેડૂતોને ક્રેડિટ ઉપર વ્યાજબી ભાવે મહેસાણા દૂધ સંઘ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### પાક વિમો

મોટાભાગની ખેતીઓમાં વિમાની વિવિધ યોજનાઓ ભૂતકાળમાં નિષ્ફળ રહી હોવાથી આજના સમયે ખેડૂતો પોતાના કડવા અનુભવોના કારણે વિમા કંપનીઓ ઉપર વિશ્વાસ રાખતા નથી. ત્યારે, મહેસાણા દૂધસાગર ડેરી આ કરાર આધારિત ખેતી સાથે જોડાયેલા પોતાના કાર્યક્ષેત્રના ખેડૂતોને ખાતરીબદ્ધ વિમા કવચ પુરૂ પાડી ભવિષ્યની કૂદરતી આપદાઓ અને મુશ્કેલીઓ સામે આર્થિક નુકશાન ભરપાઈ થાય તે માટે આસ્વસ્થ કરશે.

### ભાવની ખાતરી


હાલમાં, ખેડૂતો પોતાના પાકનું સીધુ વેચાણ વપરાશકારોને કરી શકે તેવી સચોટ વ્યવસ્થા ઊભી ના થઈ શકી હોવાના કારણે વચેટીયા અને ખરીદદારો નીચા ભાવે ઉપજ ખરીદીને ઉંચો નફો કમાઈ રહ્યા છે. આવા સંજોગોમાં, ખેડૂતોને ભાવની ચોક્કસ ખાતરી મળતી નથી. ત્યારે, મહેસાણા દૂધસાગર ડેરી આ કરાર આધારિત ખેતીમાં ખરીદદારો સાથે પારદર્શક ભૂમિકા રાખી અનાજ ઉત્પન કરતા ખેડૂતોના હીત ને લક્ષમાં રાખી એક પ્રિમિયમ ભાવ આપવા કટિબદ્ધ રહેશે.

### કયા પાક માટે દૂધસાગર કરાર કરશે?

દૂધસાગર ડેરી (મહેસાણા) ઘઉં, જવ, બાજરી, મકાઈ, ઓટ્સ, જુવાર, ચણા, ચોળા, તુવેર, મગ, વટાણા, વાલ, મધ, આમળા, અશ્વગંધા, બ્રાહ્મી, તુલસી, સરગવો, સ્ટીવીયા, મરચાં, જીરૂ, ધાણા, મેથી, વરિયાળી, હળદર અને આદુ જેવા પાકો માટે કરાર આધારિત પ્રાકૃતિક/ઓર્ગેનિક ખેતી કરતા પોતાના કાર્યક્ષેત્રના ખેડૂતોને પ્રોત્સાહન આપી સાથ સહયોગથી સહકારીતાનું સ્થાપન કરશે.








મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા